બારડોલી સત્યાગ્રહ ગીતો.

સંગ્રાહક અને પ્રકાશક
ગણપતિશંકર નારણજી દેસાઈ
કાલબાદેવી જોશી બીલ્ડીંગ, ભાંગવાડી સામે
મુંબઇ ૨.

નોંધ:—આ પુસ્તકનો ખર્ચ બાદ જતાં બધી વધારાની ઉપજ બારડોલી સત્યાગ્રહ ફાળામાં જમે થશે.

મુલ્ય બે આના.

અર્પણ.

વધાવે સર્વકો તેને, ઝુઝે જે દેશની દાઝે,
સમર્પું તેહને જેણે સમર્પ્યું (જીવન) દેશને કાજે.

ગણપતિ

બે બોલ.

સમિતિના કાર્યક્રમની પ્રવૃતિમાં સરઘસ આકારે ફરી પૈસા એકઠા કરવાનું મૂખ્ય કામ યોજાએલું તે અનુસાર બધા ભાગોમાં ફરી પૈસા એકઠા કરવા બનતું કરવામાં આવ્યું છે. આ પ્રવૃતિને જોશ અને ઝમક આપનાર–બારડોલીમાં રાત દિન ગવાતાં—વીર સત્યાગ્રહીઓનાં ગીતો અમને લાગ્યાં અને જ્યાં જ્યાં જતાં ત્યાં આવા ગીતોની માંગણી થયાજ કરતી.

આ માંગણીને સંતોષવા ખાતરજ આ ચોપડી બહાર પાડી છે. એમાંના ઘણા ગીતો એક યા બીજા રૂપે બારડોલીથી છપાતા ખબર પત્રોમાં અને પત્રિકામાં છપાયાં છે. રાષ્ટ્રના પ્રાણને પોષક અને પ્રજાને અભિરૂચી આપતા આ કાવ્યોનો કોપીરાઈટ લેખકે રાખ્યો નથી એટલે એ છાપી વંચાવી લાભ લેવાના મોહને હું રોકી ન શક્યો અને અનુમોદન મળે તે પહેલાં તો પ્રેસમાં છપાવી ચૂક્યો છું.

આ ચોપડી દરેક ઘરમાં રાખવાનું કોઈ નહિ ચૂકે અને એમ કરી સત્યાગ્રહ ફંડમાં પોતાથી બનતી મદદ સૌ કોઈ કરે એ અભિલાષા,

વધુમાં આ કાવ્યો જો લોકોને વધારે પ્રેરણા આપે તો લેખકનાં અને મ્હારાં સદ્ભાગ્ય !!!

કાલબાદેવી રોડ,
જોશી બીલ્ડીંગ
ભાંગવાડીની સામે
મુંબઇ નં. ૨.

લી૦ સેવક,
ગણપતિશંકર નારણજી દેસાઇ.

અાંકણીયુ.

બારડોલી સત્યાગ્રહ ગીતો.

પ્રાર્થના.

પૂ. ગાંધીજીનું પ્રિય ભજન.

આશ્રમવાસીઓનું નિત્યનું રટણ

આ ગાયન સૌ કોઇને સ્મરણમાં રાખવા યોગ્ય હોઇ એથીજ શરૂઆત કીધી છે.

(૧)

મારી નાડ તમારે હાથે પ્રભુ સંભાળજોરે—
મુજને પોતાનો જાણીને પ્રભુપદ પાળજોરે—મારી.
પથ્યાપથ્ય નથી સમજાતું, દુઃખ સદૈવ રહે ઉભરાતું;
મને હશે શું થાતું, નાથ નિહાળજોરે—મુજને.
અનાદિ આપ વૈદ્ય છો સાચા, કોઇ ઉપાય વિષે નહિ કાચા;
દિવસ રહ્યા છે ટાંચા, વેળા વાળજોરે—મુજને.
વિશ્વેશ્વર શું હજી વિસારો, બાજી હાથ છતાં કાં હારો;
મહા મુંઝારો મ્હારો, નટવર ટાળજોરે—મુજને.
કેશવ હરિ મારૂં શું થાશે, ઘાણ વળ્યો શું ગઢ ઘેરાશે,
લાજ તમારી જાશે, ભુધર ભાળજોરે—મુજને.

(૨)

મ્હેસુલ નહિ ભરશું.

નહિ ભરશું નહિ ભરશું
સરકાર મ્હેસુલ નહિ ભરશું—નહિ૦

મહેસુલ વધારો છે ખોટો,
એમાં અમલદારનો છે ગોટો;
પડયો વાંધો અત્યારે એ મોટો—સરકાર.

ભલે આવે દંડતણો સોટો,
ભલે વર્તે કેર એથી મોટો;
છે રામ રાખો સૌથી મોટો—સરકાર.

ગુરૂ ગોવિંદ નામ.

"ચિડિયાંસે મેં બાજ ગિરાઉં,
બિલ્લીસે મેં શેર મરાઉં;
સવાલાખસે એક લડાઉં;
તબ ગોવિંદસિંહ નામ કહાઉં."

(૩)

પ્યારી માતૃ ભુમિને કાજે.

(લેખક ફુલચંદ શાહ)

સતનો માંડ્યો છે સંગ્રામ,
પ્યારી માતૃ ભુમિને કાજે !
કીધાં કેસરિયાં આચાર,
પ્યારી માતૃ ભુમિને કાજે !
અમને મળ્યા શૂરા સરદાર
જેણે કંપાવી સરકાર
લડવા થયા અમે તૈયાર—પ્યારી૦
અમને થયું ખરેખર ભાન,
દિલમાં ફેલાયું છે તાન:
કરશું કાયાને કુરબાન—પ્યારી૦
સાચો અમે કર્યો પડકાર,
હટશે પરદેશી સરકાર;
લડશું સર્વે હારોહાર—પ્યારી૦
માથું ધડથી જુદું થાય,
તો પણ ડગશું નહિ તલભાર;
સત્યાગ્રહનું છે હથિયાર—પ્યારી૦
આખી પ્રજા બની છે એક,
શિરને સાટે લીધી ટેક
તાલુકાની સાચી નેક—પ્યારી૦

(૪)

નહિ હઠશે.

નહિ હઠશે, નહિ હઠશે,
બહાદુર પાછા નહિ હઠશે—બહાદુર.
લડશે લડશે સમરાંગણમાં,
છોને જમીન જાય—બહાદુર.
કુરબાની કરતાં નહિ થાકે,
ઘૂમે રણ મેદાન—બહાદુર.
જુલ્મ ઘંટીમાં છોને પીલે,
પરદેશી સરકાર—બહાદુર.
જુલમોથી રોળાયા જગમાં,
લાખો જુલમીરાજ—બહાદુર.
બારડોલીના સત્યાગ્રહીઓ,
નમાવશે સરકાર—બહાદુર.

(ફુલચંદ શાહ)

(૫)

સત્યાગ્રહની આંકણી.

શિર જાવે તો જાવે મેરા સત્યાગ્રહના જાવેરે,
સત્ય કે ખાતર વીર હકીકત શિર અપના કટવારે
સત્યકે ખાતર રાય હરિશ્ચંદ્ર, નિચ ઘેર બિક જાવેરે,
સત્યકે ખાતર રાણા પ્રતાપે બહુતહિ દુ:ખ ઉઠાયેરે.

(૬)

નહિં કાયરનું કામ.

હરિનો મારગ છે શૂરાનો, નહિં કાયરનું કામ જોને !
પરથમ પ્હેલું મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને !
સુત વીત દારા શીશ સમર્પે, તે પામે રસ પીવા જોને !
સિન્ધુ મધ્યે મોતી લેવા, માંહી પડ્યા મરજીવા જોને !
મરણ આગળે તે ભરે મૂઠી, દિલની દુગ્ધા વામે જોને !
તીરે ઉભો જુવે તમાસા, તે કોડી નવ પામે જોને !
પ્રેમ પંથ પાવકની જ્વાળા, ભાળી પાછા ભાગે જોને !
માંહી પડ્યા તે મહા સુખ માણે, દેખનારા દાઝે જોને
માથાં સાટે મોંઘી વસ્તુ, સાંપડવી નહિં સ્હેલ જોને
મહાપદ પામ્યા તે મરજીવાં, મૂકી મનનો મેલ જોને
રામ અમલમાં રાતા માતા, પૂરા પ્રેમી પરખે જોને
પ્રીતમના સ્વામીની લીલા, તે રજની દન નીરખે જોને

રસા સ્વાદ,

એ રસનો સ્વાદ ગાંધીજી જાણે,
કે જાણે વલ્લભ જોગીરે,
કાંઇક કાંઇક બારડોલીના ખેડુત જાણે,
લગરિક જાણે પંડ્યો ભોગીરે.

(૭)

પ્રતિજ્ઞા.

અમે લીધી પ્રતિજ્ઞા પાળશું રે,
ભલે કાયાના કટકા થાય—અમે.
ભલે વરસે વરસાદ મહાજુલ્મનોરે,
ભલે તાલુકો ખલાસા થાય—અમે.
નથી પાક્યા ભારતમાં રાક્ષસોરે,
ખાલસાની જમીન લેનાર—અમે.
બારડોલીનું નામ નહિં બોળશુંરે,
ભલે માથું ને ધડ જુદાં થાય—અમે.
અમે કીધાં કેસરીઆં પ્રેમથીરે,
બારડોલીની રાખવા લાજ—અમે.

(લે. ફુલચંદ શાહ)

(૮)

ભમી લેજો.

દુઃખ પડે તો પડવા દેજો,
મસ્તક જાય તો જાજોરે, નહિ મહેસુલ ભરના !
પિંડ પડે તો પડવા દેજો,
જીવડો જાય તો જાજોરે, નહિ મહેસુલ ભરતા !
ઉંચે બાંધી નિચે અગ્નિ પ્રજાળે,
માર મુશળના ખાજોરે નહિ મહેસુલ ભરતા !
લોકો નિંદે તેને નિંદવા દેજો
રાજા દંડે તો દંડાજોરે નહિ મહેસુલ ભરતા !
નરનારીને દાસ વલ્લભભાઈ કહે છે,
લીધી પ્રતિજ્ઞા પાળોરે નહિ મહેસુલ ભરતા !

(૯)

કોણ કહે છે ?

કોણ કહે છે લોકો ડરશે ?
કોણ કહે છે લોકો ડગશે ?

કહેનારાં અહિંઆ આવો,
તાજુકો નજરે ભાળો.

કોણ કહે છે લોકો નમશે ?
કોણ કહે છે લોકો હઠશે ?—કહેનારાં૦

કોણ કહે છે લાજ જવાની ;
કોણ કહે છે હાર થવાની ?—કહેનારાં૦

કોણ કહે છે કુસંપ થાશે ?
કોમ કોમમાં ઝગડા થાશે ?—કહેનારાં૦

જાલિમ સત્તા હારી જવાની,
સત્યાગ્રહની જીત થવાની.
સત્ય સૂર્યનો ઉદય થશે,
અસત્ય રાહુ આથમશે—કોણ કહે છે.

(ફુલચંદ શાહ)

(૧૯)

સતનો સંગ્રામ

સમજીને બાંધો હથિયારરે જ્ઞાનીને ઘોડે ટેક.

શીલ સંતોષના બખ્તર પહેરજોરે
ધીરજની બાંધો ત્હમે ઢાલરે—જ્ઞાનીને ઘોડે.

શુરા હોય તે તો સન્મુખ લડશેરે,
ગાફેલ તો ખાશે મારરે—જ્ઞાનીને ઘોડે.

જુધ્ધનો મારગ સ્હેલો ના હોયજીરે,
ચડવાં ખાંડા કેરી ધારરે—જ્ઞાનીને ઘોડે.

સતના સંગ્રામમાં ચડવું છે આપણેરે,
ચોંપે ચેતી ચાલો નરનારરે—જ્ઞાનીને ઘોડે.

જુલમનાં જુલમ આરે ઝાડા ઉગાડીયારે,
રૈયતને કીધી બહુ હેરાનરે—જ્ઞાનીને ઘોડે.

આજ સુધી તો અમે ઉંઘમાં ઉંઘીયારે,
મળિયો ગુરૂને લાધ્યું જ્ઞાનરે—જ્ઞાનીને ઘોડે.

જુલમીની સામે ભાઇઓ ન્યાયથી ઝુઝવુ રે,
આજે શીખ્યાં એ સાચો ધર્મ રે—જ્ઞાનીને ઘોડે.

ધર્મની વારે મ્હારો પ્રભુજી પધારશેરે,
હારી જશે જુઠો અધર્મરે—જ્ઞાનીને ઘોડે.

(૧૧)

અન્યાયની પરાકાષ્ઠા.

તું મારી સાંભળ મારી વાતરે અન્યાયી રાજા.
ઘડુલો ભરાયો ત્હારા પાપનો, અન્યાયી રાજા.
દુર્યોધન જેવો રાજા છોડી બેઠેલો માઝા,
અંતે તે તો ગયો નરક કુંડમાં અન્યાયી રાજા.

(એક ભાઇ)

(૧૨)

યુધ્ધમાં નહિ ફાવે.

યુદ્ધમાં યુદ્ધમાં યુદ્ધમાંરે
નહિ સરકાર ફાવે યુધ્ધમાં—યુદ્ધમાં
રામજી સામે રાવણ ઝઝુમ્યો,
રાવણ મરાણો યુધ્ધમાંરે—નહિ
કૃષ્ણજી સામે કંસ ઝઝુમ્યો,
કંસ મરાણો યુદ્ધમાંરે—નહિ.
દરબાર સામે સરકાર ઝઝુમી,
સરકાર હારી યુદ્ધમાંરે—નહિ.
યુદ્ધમાં યુધ્ધમાં યુધ્ધમાંરે
નહિ સરકાર ફાવે યુધ્ધમાં

(૧૩)

મુક્તિનાં સન્માન.

શા કરીએ સન્માન ? અમારા મોંઘેરા મહેમાન !
પનોતા ગુર્જરીના સંતાન ત્હમારાં શાં કરીએ સન્માન ?
સુસ્વાગતમાં હૃદય અમારાં, અર્પ્યાં આજ નિદાન,
ગૃહ મિલ્કત કે જીવન અમારાં, તમ ચરણે કુરબાન.
સત્યાગ્રહના ગહન સમુદ્રે, છોડ્યાં નાવ સુકાન,
તારણહારા અમારા સુકાની ધ્રુવ તારાની સમાન.
ભગ્ન હૃદય કૃષિકરનાં પરખ્યાં જેને કૃષિનું જ્ઞાન,
દિનકરને શું ઘુઘ્દ પિછાણે (જે) રાતે રહે ગુલતાન.
યજ્ઞવેદિના આપ પ્રણેતા આપીશું બલિદાન,
ભલે રવિ વાદળાથી છાએ (પણ) સાચવશું નિજ માન.
જીવન મરણના મોહ ન અમને, એક અમારૂં ધ્યાન,
સત્યાગ્રહ સર્વસ્વ અમારૂં એ વિણ સર્વ નકામ-મોંઘેરા.

(૧૪)

રામબાણ વાગ્યા હોય તે જાણે

છાતીયે છાતીયે છાતીયેરે
બાણ વાગ્યાં સરકારનાં છાતીયેરે—છાતીયે.
અપમાનનાં બાણ સાંખ્યા ન જાયે,
લોઢાનાં હોય તો સાંખીયેરે—બાણ.
વલ્લભભાઇને પરદેશી કીધા,
વાગ્યું છે બાણ એ છાતીયેરે—બાણ.
એકું બધાને લબાડ કીધા,
વાગ્યું છે બાણ એ છાતીયેરે—બાણ.

ભક્ષક કરે છે રક્ષકનો દાવો,
વાગ્યું છે બાણ એ છાતીયેરે—બાણ.
અપમાનનાં બાણ સાંખ્યાં ન જાએ,
લોઢાના હોય તો સાંખીયેરે—બાણ.

(૧૫)

જમિનનાં સુખ !

બારડોલીના યુધ્ધમાંરે
એક વેઠે કેવાં કેવાં દુઃખ, મારા બંધવા !

તાળાં વાસે ઘરબારનેરે
છૈયાં બચ્ચાં અંધારે પૂરાય, મારા બંધવા !

ઢોર પશુ, કીડા પડેરે,
ઉભા ઉભા અંધારે મુઝાય, મારા બંધવા !

જપ્તીવાળા ઘરમાં ઘુસેરે,
ડંડા મારી તોડે ઘરની વાડ, મારા બંધવા !

બંધ કરે બ્હેનો બારણાંરે
ધક્કા મારે, પઠાણો હેરાન, મારા બંધવા !

જપ્તીમાં પકડે ભેંસોનેરે,
મારી મારી થાણામાં લઈ જાય, મારા બંધવા !

કોક મરે થાણા મહીંરે,
બીજીને કસાઈઓ મારી ખાય, મારા બંધવા !

ખોટા આરોપ ઉભા કરેરે,
ખેડુતોને જેલમાં લઈ જાય, મારા બંધવા !

બાવડે બાંધે દોરડાંરે,
કાઢે ધાંસે ખેડુના શણગાર, મારા બંધવા !

(ફુલચંદભાઈ)

(૧૬)

સાચી ટેક.

માથું મેલો સાચવના સાચી ટેકનેરે !
સાચી ટેકનેરે (૨) માથુ મેલો—

ડંકો વાગ્યો. લડવૈયા શુરા જાગજોરે !
શુરા જાગજોરે, કાયર ભાગજોરે—ડંકો વાગ્યો.

શુરા સાચા પ્રતિજ્ઞા પૂરી પાળજોરે !
શુરા પૂરી પાળશેરે, ના ઉજાળશેરે—શુરા.

(શિવાનંદનું ગાયન.)

(૧૭)

પાડોશી ધર્મ.

અમે પાડોશીનો ધર્મ પાળશુ રે
બારડોલીની વાગી હાક—અમે૦

યુધ્ધ સરકાર સામે આદર્યું,
બારડોલી સાચવશે નાક—અમે૦

નહિ દેશું સહાય સરકારનેરે,
ભલે લોકોને આપે ધાક—અમે૦

ખાલસાની જમીન નહિ રાખશુ રે,
અમ લોકોની દાનત છે પાક—અમે૦

(૧૯)

ખેડુતનું ગીત.

અમે તો મહેસુલ મુદ્દલ નહિં ભરીએ સરકારનેરે !

મહેસુલ વધારો છે અન્યાયી,
જુલ્મી ઝાઝો ને દુઃખદાયી.
પાઈ એક નહિં દઇશું અમલદારનેરે ! અમે૦

માલ જપ્ત કરી લઇ જાયે,
ભલે ખાલસા ખેતર થાયે,
કષ્ટ સહીશું સમરી શ્રી કિરતારનેરે ! અમે૦

ટેક અમારી પ્રભુ રખાવો,
આફત વેળા ઇશ બચાવો;
તારે આધારે લીધો આ ભારનેરે ! અમે૦

સહન શકિતનું શસ્ત્ર સમાયું,
શાન્તિ કેરૂં બખ્તર ધાર્યું,
સત્યાગ્રહનો પન્થ બતાવ્યો 'નારણે'રે ! અમે૦

(એક ખેડુત)

(૧૮)

યુધ્ધની યાદ.

ચાલો ચાલો યુધ્ધના રૂડા સાથમાંરે

વેદ ચારે મહાત્માના હાથમાંરે—ચાલો.

ચોટ લાગી ટાળી તે કોઇનીના ટળેરે,

ચાહે કોટિ ભુવાને ભેગા કરેરે—ચાલો.

સરકાર બાવરી ફરે છે એના મદમાંરે,

રૈયત સમજી વલ્લભભાઇના પદમાંરે—ચાલો.

મંત્ર સૂણાવ્યો રૈયતના કાનમાંરે,

મળ્યા વલ્લભભાઇ વાટે કહ્યું સાનમાંરે—ચાલો.

ગુરૂ પ્રતાપે વલ્લભભાઇ બોલીઆરે,

રૈયતના મનના મનોરથ પુરીઆરે—ચાલો.

વલ્લભભાઇના વેણુ ત્હમે પાળજોરે

એવી છે આ બ્હેનોની આશાપરે—ચાલો.

(૨૦)

પારસી ભાઈની દાઝ.

એનાં ફુટયાં કરમ, મને લાગે શરમ,
કાં ના મુઓ માના પેટમાંરે—

પારસીનું નામ તજી, રાખ પાપી પારધી
થયો ફીકે વાલોડના ખેતમાંરે—ખે

જાદા રાણાનું ઋણ ભુલ્યો કાં મુંઢ,
ભળ્યો બ્રિટિશની લપેટમાંરે—લપે

પરમાર્થી કોમનુ નામ તેં લજાવ્યું,
કાળો ડાઘો થઈ શ્વેતમાંરે શ્વે

પરાયાં પોટલાં પાપના ઉપાડયાં,
તેં ખેતી કરી સ્વાર્થ રેતમાંરે—રે

બારડોલી બલીદાનમાં હોમાતે.
નામી પુજાતે નર શ્રેષ્ઠમાંરે—શ્રે

બેડું બંધુઓ વ્હાલા પાય પડી માંગુ,
ગણજો મા પારસીને દેડમાંરે—દે

(૨૧)

સંગ્રામ ગીત.

શૂર સંગ્રામકો દેખ ભાગે નહિ,
દેખ ભાગે સોઇ શૂર નાહીં—શૂર૦

કામ ઔર ક્રોધ મદ લોભશે ઝુઝના,
મંડા ઘમસાણ તંહ ખેતમાંહી—શૂર૦

શીલ ઔર શૌચ્ય સંતોષ સાથી ભયે,
નામ શમશેર તંહ ખૂબ બાજે—શૂર૦

કહત કબીર કોઇ ઝુઝુ હૈ શૂરમાં,
કાયરાં ભેડ તંહ તુરત ભાજે—શૂર૦

(૨૨)

મોંઘી પ્રતિજ્ઞા.

નાણું સોંઘું૦ પ્રતિજ્ઞા મોંઘી ખૂબ છેરે,
મોંઘી ખુબ છેરે (૨) નાણું૦

ખેતર સોંઘા પ્રતિજ્ઞા મોંઘી ખુબ છેરે,
મોંઘી ખુબ છેરે (૨) ખેતર૦

મહેલો સોંઘા, પ્રતિજ્ઞા મોંઘી ખુબ છેરે,
મોંઘી ખુબ છેરે (૨) મહેલો૦

(૨૩)

પરદેશી સુબાને.

પરદેશી સુબા સરકારી સુબા—મુંબઇના સુબા.

ત્રાસનો વધારો હોતોરે [illegible]

—[illegible] મારે કરી તેં ભૂલરે—પરદેશી૦

તેં તો બેકુનને માર્યો ઠોકરે,

અરજ સાથે આજીજી ગઇ ફોકરે—પરદેશી૦

એક—[illegible] ને પૂરા વિફર્યો,

ચમરબંધી તણ[illegible]ને તોલરે—પરદેશી૦

તેં તો માન્યું [illegible]

[illegible] બહાર રે—પરદેશી૦

તેં તો પરદેશી દેશીને કર્યા,

પરદેશી તું ભૂલી ગયો [illegible] ભાનરે—પરદેશી૦

ડગલે [illegible] આવ્યા છે [illegible]

[illegible] તારે [illegible] હામરે—પરદેશી૦

તેં તો માન્યું તારી મોહ[illegible]થી,
    હિસાબ જાશે લોકના થોકે થોકરે—પરદેશી૦

લોકો ભાગ્યા છે [illegible]થી
    ગુરૂ મળ્યો છે જાળી તારી [illegible]નારીરે—પરદેશી૦

તેં તો માન્યું [illegible]
    થથરી જાશે [illegible]માં [illegible]—પરદેશી૦

લોકો બીતા નથી [illegible]થી,
    [illegible] એનાં [illegible]—પરદેશી૦

તારો ધંધો પ્રજાને ચુસવી,
    હાડકાં માળો ભલે પ્રજા થઇ જાયરે—પરદેશી૦

[illegible]
    રાંકડી રૈયત [illegible]—પરદેશી૦

બહાદુર બની છે રૈયત રાંકડી,
    ગુરૂ મળ્યો ખૂટ્યો તારો [illegible]રે—પરદેશી૦

જાડું [illegible],
    [illegible]—પરદેશી૦

બગડી બાજી [illegible]
    [illegible]—પરદેશી૦

(૨૪)

નિશ્ચય

સરકાર મહેસુલ નહિ ભરશુ (૨)
મહેસુલ વધારો છે અન્યાયી (૨)
અન્યાય નહિ ચલવી લેશું—સરકાર૦
અન્યાયની સામે ન્યાયી રીતે (૨)
લડત અમારી સૌ લડશું—સરકાર૦
જેલો ઝાઝી છો બંધાવે (૨)
જેલખાનાથી નહિં ડરશું—સરકાર.
અન્યાયી એ વેરા સામે (૨)
અંત સુધી અમે સૌ લડશું સરકાર.

(૨૫)

યાચના.

દીનાનાથ દયાળ નટવર હાથ મારો મૂકશો મા,
હાથ મારો મુકશો મા, હાથ મારો મૂકશો મા—દીનાનાથ.
આ મહા ભવસાગરે ભગવાન હું ભૂલો પડયો છું,
ચૌદ લોક નિવાસ ચપલાકાન્ત આ તક ચૂકશો માં—દીનાનાથ.
ઓથ ઇશ્વર આપનો, સાધન વિષે સમજું નહિ,
પ્રાણુ પાલક પોત જોઇ, શંખ આખર ફુંકશો માં—દીનાનાથ.
માત તાત સગાં સહોદર, જે કહું તે આપ મારે,
હે કૃપામૃતના સરોવર, દાસ સારૂ શૂકશોમાં—દીનાનાથ.
શરણુ કેશવલાલનું છે ચરણુ હે હરિ રામ તારૂં;
અખિલ નાયક આ સમે, ખોટે મસે પણુ ખૂટશો મા—દીનાનાથ.

આ ચોપડી શ્રી દત્તાત્રય પ્રિન્ટીંગ વર્કસ કોટ, મુંબઈમાં ઠાકોરદાસ મગનલાલે મધુપતિશંકર નારણજી દેસાઈ માટે છાપી.